

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના સઈજ ગામ નજીક આવેલ જનતા આઈસ્કીમ ફેકટરીમાં રેડ પડી હતી. જેમાં એક બાળ મજૂરને મુક્ત કરાયો હતો. આ બાળકને ગાંધીનગર ખાતેના સરકારી બાળગૃહને સોંપવામાં આવ્યો છે તથા તેના વાલીની શોધ હાથ ધરવામાં આવી છે. આ સાથે બાળકોને મજૂરીએ રાખવા બદલ ફેક્ટરીના માલિક તથા કોન્ટ્રાક્ટર પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# મહિલા સંદર્ભના ગુનામાં ૫૦ ટકાનો ઘટાડો : ગૃહ રાજ્યમંત્રી

ગાંધીનગર, તા.૧૬

ગુજરાતની શાંતિ, સલામતી અને સુરક્ષા માટે સતત કાર્યરત પોલીસ તંત્રના પરિણામલક્ષી પ્રયત્નોથી રાજ્યમાં મહિલાઓ વિરુદ્ધના અત્યાચારો અને ગુનાઓમાંમ ગત વર્ષમાં ૫૦ ટકા ઘટાડો થયો છે. અનુસૂચિત જનજાતિ અને જનજાતિઓ પરના અત્યાચારો અને ગુનાઓમાં અગાઉના ૧૦ વર્ષની સરખામણીમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૩૭ ટકાનો ઘટાડો થયો છે. અસ્પૃશ્યતાને લગતા ગુનાઓમાં ૯૫ ટકાનો ઘટાડો થયો છે. ગૃહરાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ વિધાનસભા ગૃહમાં બોલતા જણાવ્યું હતું કે, શાંતિપૂર્ણ રાજ્ય ગુજરાતમાં અપરાધનો દર ઉત્તરોત્તર ઘટી રહ્યો છે. ગૃહ વિભાગની રૂપિયા ૫૦૦૦ કરોડની અંદાજપત્રીય માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતા ગૃહ રાજ્યમંત્રી જાડેજાએ જણાવ્યું હતું કે, ગુજરાત મહિલાઓ માટે આખા દેશમાં સૌથી સુરક્ષિત રાજ્ય ગણાય છે. ૩૦ શહેરોમાં મહિલા પોલીસ સ્ટેશનો ઉભા કરાયા છે.

રાજ્ય કક્ષાની મહિલા સુરક્ષા સમિતિઓનું કાર્યક્ષેત્ર બહોળું કરીને શહેર જિલ્લા કક્ષાએ ૩૭ સમિતિઓ, તાલુકા કક્ષાએ ૧૦૭ સમિતિઓ, ગ્રામ્ય કક્ષાએ ૫૬૫૯ સમિતિઓની રચના કરવામાં આવી છે. ૧૯૧ અભયમ વુમન હેલ્પલાઈન સેવા ૨૪ કલાક કાર્યરત છે. એટલું જ નહીં મહિલા વિરુદ્ધના ગુનાઓની તપાસ માટે રાજ્યમાં ૨૬ ખાસ યુનિટ શરૂ કરવાનું આયોજન છે. રાજ્ય સરકારે મહિલાઓ વિરુદ્ધ અત્યાચારો અટકાવવા સઘન કામગીરી કરતા વર્ષ ૨૦૧૩માં ગુનાઓની સંખ્યા ૧૧૭૨૮ હતી તે વર્ષ ૨૦૧૬માં ઘટીને ૫૮૦૯ થઈ ગઈ છે. ત્રણ વર્ષમાં ૫૦ ટકાનો ઘટાડો દર્શાવે છે કે ગુજરાતમાં મહિલા સંપૂર્ણ સલામત છે. ગુજરાતમાં તમા વર્ગ, કોમ, જાતિ, જ્ઞાતિના લોકો સંપૂર્ણ સન્માન અને ગૌરવભેર જીવી શકે છે.

# સેવાસેતુ કાર્યક્રમ સરકારનો પ્રજાલક્ષી કાર્યક્રમ : ભુપેન્દ્રસિંહ

ગ્રામીણ અને શહેરી જનતાના જે તે કચેરી સાથેના વણઉકેલ્યા અનેક વહીવટી પ્રશ્નોના ત્વરિત અને સ્થળ પર ઉકેલ લાવતા રાજ્ય સરકારના સેવાસેતુ કાર્યક્રમને મહેસુલ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ રાજ્ય સરકારનો પ્રજાલક્ષી, શ્રેષ્ઠ અને સફળ કાર્યક્રમ લેખાવ્યો છે. વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય લાલજીભાઈ કોળી પટેલના સેવાસેતુ અંગેના બિનસરકારી સંકલ્પ પરની ચર્ચાનો નાયબ મુખ્યમંત્રી વતી ઉત્તર આપતા મહેસુલ મંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના પારદર્શક, સંવેદનશીલ વહીવટી તંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ થાય તેવા હેતુ સાથે સેવાસેતુ કાર્યક્રમ અમલી બનાવવામાં આવ્યો છે. આ કાર્યક્રમ ૨૬-૧૦-૧૬ના ઠરાવથી અમલી બનાવી ૫-૧૧-૧૬થી તાલુકા કક્ષાએ અને ૩૦-૧૧-૧૬ના ઠરાવથી ૫-૧૧-૧૬થી નગરપાલિકા અને મહાપાલિકા કક્ષાએ સેવાસેતુ કાર્યક્રમ યોજવાનું શરૂ કર્યું છે. નોંધપાત્ર સફળતા મળી છે ચુડાસમાએ જણાવ્યું હતું કે, પ્રજાના પ્રશ્નો અને સમસ્યાઓ તેમના ઘરઆંગણે જઈને તેનું વિના વિલંબે નિરાકરણ લાવવાના સંવેદનશીલ અભિગમ સાથે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ લાભપાંચમના શુભ દિવસથી આ સેવાસેતુ કાર્યક્રમ અમલમાં મુક્યો છે. સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત આધારકાર્ડ, ચૂંટણીકાર્ડમાં નામ નોંધાવવાની અરજીઓ, મા-અમૃતમ યોજના, વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર, દિવ્યાંગતા પ્રમાણપત્ર, વિધવા સહાય અને વૃદ્ધ નિરાધાર સહાય યોજના હેઠળ લાભની અરજીઓ જે તે લાભાર્થી દ્વારા કરવામાં આવતી હોય છે અને તેનો વહીવટી તંત્ર દ્વારા ત્વરિત નિકાલ કરવામાં આવે છે.



હાલ પાટનગરમાં વિધાનસભા સત્ર ચાલી રહ્યુ હોઈ રાજ્યભરમાંથી નાગરિકો તેની મુલાકાતે આવી રહ્યાં છે. ગુરૂવારે ભાવનગરથી વિભાવરીબેન દવેના વડપણ હેઠળ આવેલ બ્રહ્મસમાજના અગ્રણીઓના એક પ્રતિનિધિમંડળે રાજ્યના યુવા, સાંસ્કૃતિક અને રમતગમત વિભાગના મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

# ગ્રામલક્ષ્મી ખાદી ગ્રામોદ્યોગ સંસ્થાન માલપુર તરફથી આર્થિક પછાતો માટે ચરખા દાન ચેક અર્પણ



ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ અને સુક્ષ્મ લઘુ એવમ મધ્યમ ઉદ્યોગ મંત્રાલય (ભારત સરકાર) આયોજીત કૃષિ આધારીત ખાધ પ્રસંસ્કરણ ઉદ્યોગ અંતર્ગત વર્કશોપ ગૂજરાત વિદ્યાપીઠ-અમદાવાદ ખાતે સંપન્ન થયો. ગરીબ બેરોજગાર લોકોને રોજી પ્રદાન કરવા માટે ચરખા આયોગે ચરખા ડોનેશન પ્રોગ્રામ શરૂ કરેલ છે.

ચરખા ડોનેશનનો ચેક ભારત સરકારના ખાદી ગ્રામોદ્યોગ કમીશનના ચેરમેન વિનયકુમાર સકસેનાજી અને ખાદી ગ્રામોદ્યોગ આયોગ અમદાવાદના ડાયરેક્ટર સંજય હેડાઉજી અમદાવાદને ગ્રામલક્ષી ગ્રામોદ્યોગ સંસ્થાન માલપુરના પ્રમુખ શંકરભાઈ એન. પટેલ (ભૂડાસણ, તા. બાયડ) તથા જયદેવભાઈ એન. બારોટ મંત્રી ગ્રામલક્ષ્મી સંસ્થાન માલપુર અર્પણ કરી રહ્યા છે જેની તસવીર દ્દષ્ટીગોચર થાય છે.

# મોડાસામાં ઘાંચી હાઈસ્કૂલનો વાર્ષિકોત્સવ ઉજવાયો

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ધી એમ.આર.ટી.સી. ઘાંચી હાઈસ્કૂલ, હાજી ઈબ્રાહીમભાઈ ગુજરાતી ઘાંચી નિમ્ન પ્રાથમિક શાળા, હાજી પી.બી. સુથાર ઘાંચી બાલગૃહમાં ધો. ૧૦ની વિદ્યાર્થીઓને વિદાય સમારંભ, વાલે વાલેદા સંમેલન તથા ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યુંહતું. જેમાં સમારંભના અધ્યક્ષ સંસ્થાના પ્રમુખ જનાબ સિકંદરભાઈ વાય. સુથાર (રાજાબાબુ) મુખ્ય મહેમાન વનિતાબેન આર. પટેલ (પ્રમુખ મોડાસા નગરપાલિકા), ડૉ. રીઝવાન સાબલીયા (એમ.ડી. મેડીસીન), એન.કે. રબારી (પી.આઈ., મોડાસા ટાઉન) તથા અતિથિ વિશેષ તરીકે અબ્દુલરજ્જાક એચ. ટીંટોઈયા (પ્રમુખ ધી મોડાસા રોડ ટ્રા.કો.ઓ.સો.લી.), મો. સલીમ આઈ. ગુજરાત (દાતા-ઘાંચી નિમ્ન પ્રાથમિક શાળા), મો. સલીમથી સુથાર (પ્રતિનિધિ-હાજી પી.બી. સુથાર ઘાંચી બાલગૃહ), શબ્બીરહુસેન જી. ખાનજી (પૂર્વ પ્રમુખ મદની હાઈસ્કૂલ, મોડાસા), હાજી મો. યુસુફ એ. મેઘરેજી (પ્રમુખ ગુજરાત પટણી સુન્ની જમાત ફેડરેશન), મનોજકુમાર આર. પટેલ (મંત્રી એન.સી.પી. ગુજરાત પ્રદેશ પ્રભારી, સા.કાં., અરવલ્લી), મો. હનીફ એમ. બેલીમ (પ્રમુખ, એફ.યુ. મલેક પ્રાથમિક શાળા, મોડાસા), તથા કારોબારી સભ્યો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ધી મોડાસા ઘાંચી એજ્યુ. એન્ડ સો.વે. ટ્રસ્ટના સેક્રેટરી સમીર એ. પટેલ ઉપસ્થિત મહેમાનોનું તથા વાલી વાલેદાનું સ્વાગત પ્રવચન કર્યુંહતુ.

## આ પણ વાંચીએ...

### ● બર્ફીલા પાણીમાં તરવાની અનોખી સ્પર્ધા

ઉનાળામાં ઠંડુ પાણી સારૂ લાગે પરંતુ ચાર ડિગ્રી સેલ્સિયસ તાપમાનવાળા કડકડતા શિયાળામાં ગરમ પાણીએ નહાવાનો વિચાર પણ માંડ આવે છે. ત્યારે આવા કડકડતા શિયાળામાં ઠંડા પાણીમાં તરવુ એ મોટુ સાહસ જ છે.



બર્લિનમાં ચાર ડિગ્રી જેટલા નીચા તાપમાને એક સરોવરમાં તરવાની અનોખી સ્પર્ધા દર વર્ષે યોજાય છે. આકરા શિયાળામાં યોજાતી આ સ્પર્ધામાં યુવાનો ઉત્સાહભેર ભાગ લે છે. આ વર્ષે ૩૦ યુવાનોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

### ● ન્યૂઝીલેન્ડની એક નદીને જીવીત માની અપાયા કાનૂની અધિકારો

ન્યૂઝીલેન્ડમાં એક નદીને કાયદાકીય રીતે જીવીત માની લઈ કાનૂની અધિકારો અપાયા છે. જીવીત વ્યક્તિને જેવા અધિકારો અપાય છે તેવા જ અધિકારો આ નદીને અપાયા છે. ન્યૂઝીલેન્ડના ઉત્તરીય દ્વિપ પર સ્થિત



વાનનુઈ નદી માઓરી જાતિના લોકો માટે ખુબ જ અગત્યતા ધરાવે છે. માઓરી જનજાતિના લોકો પહાડો અને સમુદ્રની જેમ આ નદીને પણ જીવિત માને છે. ન્યૂઝીલેન્ડની સંસદે એક બીલ પસાર કરી વાનનુઈ નદીને જીવિત વ્યક્તિનો દરજ્જો અને અધિકાર આપ્યા છે.

### ● ભૂખથી ટળવળતી બાળકી માટે રેલવેએ પહોંચાડ્યુ તાજુ દૂધ

કોંકણ રેલવેએ એક ટ્વીટ પર પાંચ મહિનાની બાળકી માટે ચાલતી ટ્રેનમાં દૂધ પહોંચાડી લોકોનુ દીલ જીતી લીધુ છે. કોંકણ રેલવેની



હાપા એક્સપ્રેસમાં માતા-પિતા સાથે મુસાફરી કરી રહેલી પાંચ મહિનાની બાળકી ભુખથી ટળવળતી હતી.

ઘરેથી લાવેલુ દૂધ બગડી ગયુ હતુ અને પેન્ટ્રીકારમાં પણ દૂધ ખલાસ થઈ ગયુ હતુ. ભુખના કારણે રોઈ રહેલી આ બાળકી અંગેની જાણકારી અનધા નિકમ મકદ્દમ નામની એક સહયાત્રીએ ટ્વીટર મારફતે કોંકણ રેલવેને પહોંચાડી. થોડીક જ વારમાં રેલવેનો કર્મચારી બાળકી માટે દૂધ લઈને કોચમા પહોંચી ગયો. બાળકી માટે દૂધ આવતા જ તેની માતા કર્તિકા અને ટ્વીટ કરનાર સહયાત્રી અનધા નિકમ ખુશખુશાલ બની ગયા હતા.

## તાજપોશી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈસ્ટમાંથી ૪૨ હજારથી વધુ મતે ચૂંટાઈ આવ્યા હતા. સિદ્ધુ ૨૦૦૪ અને ૨૦૦૭ પેટા ચૂંટણીમાં તથા ૨૦૦૯ની ચૂંટણીમાં અમૃતસર બેઠક પરથી ભાજપના સાંસદ બન્યા હતા. એપ્રિલ ૨૦૧૬માં ભાજપ સરકારે તેમને રાજ્યસભાના સભ્ય બનાવ્યા હતા. મોડેથી પંજાબ ચૂંટણીથી પહેલા સિદ્ધુ ભાજપ છોડીને કોંગ્રેસમાં સામેલ થઈ ગયા હતા. પંજાબમાં વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર જીત મેળવી લીધા બાદ અમરિન્દરસિંહની હવે પંજાબના મુખ્યમંત્રી તરીકે ઈનીંગ્સ શરૂ થઈ છે. શપથવિધિ કાર્યક્રમમાં પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ અને કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી પણ પહોંચ્યા હતા. અમરિન્દરસિંહના શપથવિધી કાર્યક્રમમાં રાજ બબ્બર, નવજોત સિદ્ધુ અને નવજોત કૌર પણ પહોંચ્યા હતા. સવારમાં શપથવિધી કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. અત્રે નોંધનીય છે કે કોંગ્રેસ પાર્ટીએ હાલમાં પંજાબ વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર દેખાવ કરીને સત્તામાં લાંબા સમય બાદ વાપસી કરી લેવામાં સફળતા મેળવી હતી. સત્તા વિરોધી લહેર વચ્ચે કોંગ્રેસને સીધો ફાયદો થઈ ગયો હતો. પંજાબ વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીએ ૭૭ બેઠકો જીતીને જોરદાર સપાટો બોલાવી દીધો હતો. જ્યારે શિરોમણી અકાલીદળ-ભાજપ ગઠબંધનને ૧૮ બેઠકો મળી હતી. પરિણામો જાહેર કરવામાં આવ્યા બાદ કોંગ્રેસ પાર્ટીએ ખુશી વ્યક્ત કરી હતી. છેલ્લા ઘણા સમયથી પંજાબમાં અકાલીદળને લઈને લોકોમાં ભારે નારાજગી હતી. જેની કિંમત અકાલીદળને ચૂકવી પડી હતી. પંજાબમાં ૧૧૭ વિધાનસભા બેઠકો છે જે પૈકી પરિણામ જાહેર થઈ ગયા બાદ કોંગ્રેસ પાર્ટીને રાહત થઈ હતી.

અમરિન્દરસિંહ એક વખતે કોંગ્રેસ સાથે છેડો ફાડવાની તૈયારીમાં હતા પરંતુ છેલ્લી ઘણીએ તેઓ માની ગયા હતા અને તેમને મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત અમરિન્દરસિંહે પોતે તમામ તાકાત લગાવી હતી. સાથે સાથે નવજોત સિદ્ધુએ પણ આક્રમક ચૂંટણી પ્રચાર કર્યો હતો. ભાજપ સાથે છેડો ફાડીને નવજોત સિદ્ધુ કોંગ્રેસમાં જોડાયા હતા. આમ આદમી પાર્ટી સાથે પણ સિદ્ધુની લાંબી વાત થઈ હતી પરંતુ છેલ્લે કોંગ્રેસમાં સામેલ થયા હતા.

## રૂપરેખા તૈયાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાર્ટીના નેતાઓને અપીલ કરી હતી. ભાજપ પ્રમુખ અમિત શાહે કહ્યું હતું કે તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં પાર્ટીની જીત બાદ ૨૦૧૯માં યોજાનારી સામાન્ય ચૂંટણી આગામી મોટા પડકાર તરીકે છે. ઉત્તરપ્રદેશ સહિત પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ આવી ગયા બાદ આજે ભાજપની સંસદીય દળની બેઠક યોજાઈ હતી. પાર્ટીની જીત માટે એક આભાર નિવેદન પણ જારી કરવામાં આવ્યું હતું. આગામી રણનીતિ ઉપર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં પાર્ટીએ દલિત લોકો સુધી પહોંચવાના પ્રયાસોને વધુ તીવ્ર બનાવવા અપીલ કરી હતી. એમ માનવામાં આવે છે કે દલિતોએ ઉત્તરપ્રદેશમાં વિધાનસભા ચૂંટણીમાં મોટી સંખ્યામાં ભાજપ તરફેણમાં મતદાન કર્યું છે. ભાજપે નિર્ણય કર્યો છે કે ૧૪મી એપ્રિલના દિવસે ભીમરાવ આંબેડકરની જન્મ જયંતિએ દરેક સપ્તાહ સુધી જુદા જુદા કાર્યક્રમો ચાલશે. પાર્ટી દરેક પંચાયત અને વોર્ડમાં કાર્યક્રમનું આયોજન કરશે. આ ઉપરાંત છઠ્ઠી એપ્રિલના દિવસે સ્થાપના દિવસને વ્યાપક રીતે મનાવવામાં આવશે. જેમાં પાર્ટીના નેતા અને કાર્યકરો સ્વચ્છ ભારત અભિયાનમાં ભાગ લેશે. સંસદીય દળની બેઠક બાદ કેન્દ્રિય મંત્રી અનંત કુમારે કહ્યું હતું કે બેઠક દરમ્યાન મોદીએ પાર્ટીના નેતાઓને એક સપ્તાહના કાર્યક્રમ દરમ્યાન ભીમ એપ અને ડિઝીટલ પેમેન્ટ માધ્યમમાં ઉપયોગને ગતિ આપવા લોકોમાં તેના પ્રત્યે જાગૃતતા જગાવવા અપીલ કરી હતી. પાર્ટી નેતાઓને આંબેડકરના યોગદાનને ફેલાવવા માટે પણ કહેવામાં આવ્યું છે. વડાપ્રધાને યુવાનોને કેન્દ્ર સરકારની લોકકલ્યાણ યોજનાઓ અને સુશાસનના એમ્બેસેડર બનાવવા કહેવામાં આવ્યું હતું. મોદીએ કહ્યું હતું કે આજે યુવાનો સમાચાર પત્રો અને ટીવી ચેનલો ઉપર આધારીત રહેવાના બદલે મોબાઈલ ફોનનો ઉપયોગ વધારે કરે છે. આવી સ્થિતિમાં યુવાનોની સાથે સંપર્ક વધારવા માટે આ માધ્યમનો ઉપયોગ કરાય તે જરૂરી છે. ભાજપ અધ્યક્ષ અમિત શાહે કહ્યું હતું કે તાજેતરમાં વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીને મળેલી જીત લોકોએ પરિવારવાદ અને ભ્રષ્ટાચારવાદથી દુર હટીને મતદાનના પરિણામ તરીકે છે. શાહના કહેવા મુજબ લોકોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેમની જન કલ્યાણકારી યોજનાઓ અને સુશાસનની તરફેણમાં મતદાન કર્યું છે. ૨૦૧૯ ચૂંટણી માટે પાર્ટી નેતાઓને અત્યારથી જ તૈયારીમાં લાગી જવા અમિત શાહે કહ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે ભાજપની જીતથી કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી કલ્યાણકારી યોજનાઓ અને નોટબંધીના સાહસીક નિર્ણયો પર લોકોની મંજુરીની મોહર લાગી છે. મોદીએ પાર્ટીના નેતાઓને યુવાનો અને દલિતો સુધી પહોંચવાની અપીલ કરી હતી. સંસદીય ચૂંટણી પાર્ટી માટે આગામી મોટા પડકાર તરીકે રહેશે.

## વિશ્વાસનો મત

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિશ્વાસ મત જીતી લીધા બાદ ખુશખુશાલ દેખાતા મનોહર પાર્રિકરે કહ્યું હતું કે કોંગ્રેસ પાસે ક્યારેય પણ સભ્યો ન હતા. તેમણે ઉમેર્યું હતું કે કોંગ્રેસે સરકારની રચના કરવા માટે ભાજપના પ્રયાસોને રોકવા પ્રયત્નો કર્યા હતા. પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યું હતું કે અમે ભારતના લોકો સમક્ષ સાબિતી આપી ચુક્યા છીએ કે અમારી પાસે ગૃહમાં ૨૩ સભ્યોનું સમર્થન છે. બીજી બાજુ દિગ્વિજયસિંહે તેમની પાસે સભ્યો હોવાનો દાવો કર્યો હતો પરંતુ પુરવાર કરી શકવાની સ્થિતિમાં ન હતા. શરૂઆતથી જ કોંગ્રેસ પાર્ટી પાસે સભ્યો ન હતા પરંતુ વિધાનસભા ચૂંટણી બાદ લોકોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા હતા. એવી માંગ ઉઠી રહી હતી કે પાર્ટીના જનરલ સેક્રેટરી તરીકે દિગ્વિજયસિંહ રાજીનામું આપી દેવું જોઈએ. જેના પરિણામ સ્વરૂપે કોંગ્રેસે આ રમત રમી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે ગોવામાં હવે સ્થિર સરકાર બની ચુકી છે. ગોવા ફોરવર્ડ પાર્ટીના નેતા વિજયસર દેસાઈ અને એમજીપીના ધારાસભ્યો સુદીનના વલણની પણ પ્રશંસા કરી હતી. તેમના સમર્થનના લીધે ભાજપને જીત મળી ગઈ છે અને તેની સંખ્યા ૨૧ પર પહોંચી ગઈ હતી. ૬૧ વર્ષીય મનોહર પાર્રિકરે ભાજપમાંથી ૧૨ ધારાસભ્યો, જીએફપીમાં ૩, એનજીપીમાં ૩, અપક્ષમાંથી ૩, એનસીપી તરફથી ૧ નો ટેકો મેળવીને વિશ્વાસ મત જીતી લીધો હતો. ખાસ વિધાનસભાનું સત્ર સુપ્રિમ કોર્ટના આદેશ બાદ શક્તિ પરીક્ષણ માટે બોલાવવામાં આવ્યું હતું. વિપક્ષી બેચમાં કોંગ્રેસના ૧૬ ધારાસભ્યો રહ્યા હતા. જ્યારે તેના નવા ચૂંટાયેલા સભ્ય વિશ્વજીત રાણે મતદાન દરમિયાન ગેરહાજર રહ્યા હતા. ક્લિયર ડિવિઝન મારફતે આ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. મનોહર પાર્રિકરે આ સપ્તાહની શરૂઆતમાં જ કેન્દ્રિય કેબિનેટમાં સંરક્ષણ મંત્રી તરીકે રાજીનામું આપ્યું હતું. ૧૪મી માર્ચના દિવસે મનોહર પાર્રિકરે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. તેમની સાથે અન્ય નવ ધારાસભ્યોએ પણ શપથ લીધા હતા. પાર્રિકરે કહ્યું છે કે વિધાનસભા સ્પીકરની ચૂંટણી ૨૨મી માર્ચના દિવસે યોજાશે. ત્યારબાદ ૨૩મી માર્ચે રાષ્ટ્રપતિનું સંબોધન રહેશે. રાજ્યનું બજેટ ૨૪મી માર્ચે રજુ થશે. આવતીકાલે કેબિનેટની બેઠક યોજાશે. કેટલાક ખાતાઓની ફાળવણી કરાશે. પાર્રિકરનું કહેવું છે કે આગામી મહિનામાં કેબિનેટનું વિસ્તરણ કરાશે.

## શેરબજારમાં તેજી

● અનુસંધાન પહેલાનું ચાલુ

શેરબજારમાં હાલના દિવસોમાં તેજીની મોટી છલાંગ જોવા મળી રહી છે. સેન્સેક્સ તેની લાઈફ ટાઈમ ઉંચી સપાટી ૩૦,૦૨૫ થી હવે ૪૩૯ પોઈન્ટના અંતરે છે. મિડકેપ-સ્મોલકેપ ઈન્ડેક્ષમાં ક્રમશઃ ૧.૫ અને ૧ ટકાનો ઉછાળો રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થમાં મજબૂતી રહી હતી. ૧૭૮૪ શેરમાં તેજી અને ૧૦૪૨ શેરમાં મંદી રહી હતી. કુલ ૧૮૫ શેરમાં યથાસ્થિતિ જોવા મળી હતી. નિફ્ટીમાં તેજી સાથે કારોબારની શરૂઆત થઈ હતી. સેકટર અને શેરની વાત કરવામાં આવે તો તાતા સ્ટીલ, અદાણી પોર્ટ, હિન્ડાલકોમાં સૌથી વધુ સુધારો નિફ્ટી પર રહ્યો હતો. ચાર ટકા સુધીનો સુધારો જોવા મળ્યો હતો. ભારતી એરટેલ, યશ બેંક, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના શેરમાં સૌથી વધુ નુકસાનની સ્થિતિ રહી હતી. મેટલ ઈન્ડેક્સમાં ત્રણ ટકાનો સુધારો રહ્યો હતો. સેકટરલ ચાર્ટમાં તેમાં સૌથી વધુ સુધારાની સ્થિતિ જોવા મળી હતી. સેઈલમાં છ ટકાનો સુધારો રહ્યો હતો. હિન્દુસ્તાન ઝીંકમાં ૫.૭ અને જેએસડબલ્યુ સ્ટીલમાં પાંચ ટકા સુધીનો સુધારો રહ્યો હતો. કેપિટલ ગુડ્ઝના શેરમાં સતત પાંચમાં કારોબારી સેશનમાં તેજી રહી હતી. કેપિટલ ગુડ્ઝ ઈન્ડેક્સમાં ૧૮ મહિનાની ઊંચી સપાટી રહી હતી. આ ઈન્ડેક્સમાં ૧.૫ ટકાનો સુધારો નોંધાયો હતો. એચસીએલ ટેકનોલોજીના શેરમાં ત્રણ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. કારોબારના અંતે ગઈકાલે સેન્સેક્સમાં આંશિક રીતે ઘટાડો રહ્યો હતો. બીએસઈ સેન્સેક્સ ગઈકાલે કારોબારના અંતે ૪૪ પોઈન્ટ ઘટીને ૨૯૩૯૮ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી બે પોઈન્ટ ઘટીને ૯૦૮૪ની સપાટીએ રહ્યો હતો. ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સુનામી વચ્ચે ભાજપને અભૂતપૂર્વ જીત મળી ગયા બાદ શેરબજારમાં હાલ પ્રવાહી સ્થિતી જોવા મળી રહી છે. ભારતના સૌથી મોટા રાજ્ય ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીમાં ૪૦૩ પૈકી ૩૧૨થી વધુ બેઠકો જીતીને ભાજપે જોરદાર સપાટો બોલાવી દીધા બાદ નવી આશા જાગી છે. ભાજપે ઉત્તરપ્રદેશમાં ૩૧૨ સીટોં જીતી છે અને ૩૯.૭ ટકા મત મેળવ્યા છે. બીજી બાજુ ઉત્તરાખંડમાં ૪૬.૫ ટકા મત મેળવ્યા છે અને ૫૭ સીટો જીતી છે. ભાજપ ગોવામાં સત્તામાં નથી પરંતુ ૧૩ બેઠકો જીતી છે. ૨૦૧૨ની ચૂંટણીમાં એક પણ બેઠક નહીં ધરાવનાર ભાજપે મણિપુરમાં ૬૦ સીટોની વિધાનસભામાં ૨૧ બેઠકો જીતીને સપાટો બોલાવ્યો છે. ભાજપની વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર જીત બાદ શેરબજારમાં પણ કારોબારીઓમાં એવી આશા છે કે આર્થિક સુધારાઓની ગતિ વધુ ઝડપી બનશે અને વિકાસ દર પણ અતિ ઝડપથી આગળ વધશે. બજાર પર હવે તમામની નજર રહેનાર છે.

## ધારાસભ્યોની બેઠક

● અનુસંધાન પહેલાનું ચાલુ

અધ્યક્ષ અમિત શાહ સહિત અનેક દિગ્ગજો હાજર રહેશે. ઉત્તરાખંડ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે રેકોર્ડ સફળતા હાંસલ કરીને ૫૭ બેઠકો જીતી લીધી હતી. ૭૦ સભ્યોની વિધાનસભામાં કોંગ્રેસને માત્ર ૧૧ સીટો મળી હતી. ઉત્તરાખંડની જેમ જ ઉત્તરપ્રદેશમાં પણ ભાજપે ઐતિહાસિક દેખાવ કરીને ૩૧૨ બેઠકો ઉપર જીત હાંસલ કરી લીધી છે. જ્યારે તેમની પાર્ટીને ૧૩ બેઠકો પર જીત મળી છે. ઉત્તરાખંડની જેમ જ યુપીમાં પણ ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર અંગે હજુ સુધી નિર્ણય લઈ શકાયો નથી.

## વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાંધા પ્રમાણપત્ર અને પુરાવાના અભાવના લીધે ૫૩ અરજીઓ નામંજુર કરવામાં આવી છે. જિલ્લામાં પરવાના વિના ધમધમતી હોટલો સામે પણ સરકાર દ્વારા જરૂરી પગલા લેવાયા છે. જેમાં પરવાનો ન ધરાવતી ૬૦ હોટલ રેસ્ટોરન્ટના માલિકો સામે ઈન્ડિયન પીનલ કોડની કલમ -૧૮૮ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

**ધર્મ પરિવર્તન માટે ત્રણ અરજીઓ મળી**

ગાંધીનગર જિલ્લામાં બે વર્ષમાં ધર્મ પરિવર્તન માટે ત્રણ વ્યક્તિઓએ મંજુરી માંગી જયારે આ અન્વયે એક પણ વ્યક્તિને મંજુરી આપવામાં આવી નથી. વિરમગામના તેજશ્રીબેન પટેલના પ્રશ્નના ઉત્તરમાં જણાંવાયા મુજબ વર્ષ ૨૦૧૬ માં જિલ્લામાંથી હિન્દુ ધર્મના ત્રણ વ્યક્તિઓએ ધર્મ પરિવર્તન માટે અરજીઓ કરી હતી. જયારે આ પૈકી એક પણને આ કિસ્સામાં મંજુરી આપવામાં આવી નથી.

**ગાંધીનગર જિલ્લા કોર્ટ બિલ્ડીંગમાં નવા માળ બાંધવાનુ કામ ટુંકમાં શરૂ થશે**

ગાંધીનગર જિલ્લા કોર્ટના હયાત બિલ્ડીંગમાં વધારના બાંધકામ માટે મંજુરી આપવામાં આવી છે. મણિનગરના સુરેશ પટેલના પ્રશ્નના ઉત્તરમાં કાયદો અને ન્યાય મંત્રીના જવાબમાં જણાંવાયા મુજબ જિલ્લા ન્યાયાલયના બિલ્ડીંગમાં નવા માળના બાંધકામ માટે રૂ ૧૭.૬૬ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. જયારે ઝડપથી જ કોર્ટ બિલ્ડીંગને અપગ્રેડ કરવાનુ કામ શરૂ કરી દેવાશે.

**એક પણ નવી જી આઇ ડી સી સ્થાપવામાં આવી નથી**

ગાંધીનગર જિલ્લામાં સાત જી આઈ ડી સી કાર્યરત છે. દરિયાપુરના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં ઉદ્યોગમંત્રીના જણાંવ્યા મુજબ આ સાત જી આઈ ડી સીમાં ગાંધીનગર ઈજનેરી ,ઈલેક્ટ્રોનિકસ, મેગા આઈ ટી, ભાટ,માણસા, દહેગામનો સમાવેશ થાય છે. જયારે છેલ્લા બે વર્ષમાં એકપણ નવી જી આઈ ડી સી સ્થાપવામાં આવી નથી.

## તન-દુરસ્તી

● ૪ પાનાનું ચાલુ...

આ સિવાય પણ બીજી ઘણી ટુબ હોય છે. પ્રધુમને તારાચંદ ભાઈનું લોહી લીધું અને લીપીડ પ્રોફાઈલ નો રીપોર્ટ ૨ કલાકમાં આપવાનું કહ્યું. તારાચંદ ભાઈ એ કહ્યું કે મારે તો ૨ લેબોરેટરી મા લોહી ટેસ્ટ કરવો છે. તું મને બે સરખી ટુબ મા લોહી આપ.

તારાચંદ ભાઈ ના કહેવા પ્રમાણે પ્રધુમાને ૨ ટુબ મા લોહી લઈ ને ૧ ટુબ તારાચંદભાઈ ને આપી દીધી. બીજી ટુબ લઈ ને તે લેબોરેટરી મા પહોચી ગયો.

સાંજે બંને લેબોરેટરી ના રીપોર્ટ અલગ અલગ આવ્યા ?

તારાચંદભાઈ મુંજાયા!

સાચું કોણ?? આવતા અંકે...

- sgpathlab@gmail.com